આપણું પોતાનું અખબાર

સૂરજ જેવા આત્માનું અજવાળું આપણને વિચારોના ધુમ્મસને કારણે દેખાતું જ નથી જે કંઇ હટાવવાનું છે એ વિચારોના ધુમ્મસને હટાવવાના છે
- ફાધર વાલેસ

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૧૫ | ૨૯ જાન્યુઆરી, ૨૦૧૫, ગુરૂવાર ; મહા સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# જિલ્લાના બે લાખ બાળકો ૩૦મીએ સ્વચ્છતા શપથ લેશે

## સ્વચ્છતા મિશન અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યુ છે : વિજેતાઓને પુરસ્કાર અપાશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધી નિર્વાણ દિનના દિવસે જિલ્લાના બે લાખથી વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સ્વચ્છતા અંગેના સામુહિક શપથ લઈ સ્વચ્છતા મિશનને વધુ વેગવાન બનાવશે.

૩૦મી જાન્યુઆરીના રોજ સ્વચ્છતા અંગેના શપથ લેતાં પૂર્વે નિર્મળ શાળા અભિયાન અંતર્ગત શાળાના બાળકો દ્વારા શાળાની સ્વચ્છતાની કામગીરી કરવામાં આવશે. આ પછી બાળકો બે મિનિટનું મૌન પાળી પૂ. બાપુ અને સ્વતંત્રાની લડતના શહીદોને શ્રદ્ધાંજલિ આપશે. મૌન શ્રદ્ધાંજલિ બાદ બાળકો અને શિક્ષકો તેમજ શાળા મેનેજમેન્ટ કમિટીના સભ્યો દ્વારા સ્વચ્છતા અંગે સામુહિક શપથ લેવામાં આવશે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ શપથવિધિમાં વાલીઓને પણ વધુમાં વધુ જોડવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. અંદાજે ૩ લાખથી વધુ વ્યક્તીઓ આ દિવસે સ્વચ્છતાના શપથ લેશે.

સ્વચ્છતાના શપથ બાદ દોઢ લાખથી વધુ બાળકો દ્વારા સ્વચ્છતા અંગે યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં ચિત્રો દોરી એક અનોખી ઉજવણી આ અભિયાનની કરશે.

શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે શાળા કક્ષાએથી પસંદગી પામેલા ૩ શ્રેષ્ઠ ચિત્રોને બ્લોક કક્ષાએ મોકલવામાં આવશે અને ત્યાં નિર્ણાયકો દ્વારા પસંદગી કરી આ ચિત્રોમાંથી ૩ ચિત્રો તાલુકા કક્ષાએ ત્યાંથી જિલ્લા કક્ષાએ અને જિલ્લામાંથી રાજ્યકક્ષાએ ૧૩મી ફેબ્રુઆરી સુધીમાં મોકલી આપવામાં આવશે.

રાજ્યના શિક્ષણ વિભાગે આ અંગે દરેક શાળાઓમાં જરૂરી આયોજન અંગેની માર્ગદર્શક સૂચનાઓ જારી કરી દીધી છે એટલુ જ નહિ આયોજનને સફળ બનાવવા માટે વિદ્યાર્થીઓ અને ક્લાસરૂમની સંખ્યાને ધ્યાને રાખી નાણાંકીય ગ્રાન્ટ ફાળવવાનો પણ નિર્ણય કરેલ છે.

ગાંધી નિર્વાણ દિને શપથવિધિ અને ચિત્ર સ્પર્ધાના આયોજનને લઈ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

### અસ્વચ્છતામાં રોળાઈ રહેલુ દિકરીનું બાળપણ

'બેટી બચાવો-બેટી વધારો' અને સ્વચ્છતા અભિયાન બંનેનુ એક સાથે ચીરહરણ ગાંધીનગરની આ માસૂમ દિકરીઓની તસવીર કરી રહી છે. બેટીને બચાવી અને વધાવી તો લીધી પરંતુ તેને ભણવાની ઉમંરે કચરાના ઢગ ફંફોળવા પડી રહ્યાં છે એ આપણા સમાજની કમનસીબી છે. જ્યારે દિકરી ભણવા જશે ત્યારે 'બેટી વધાવો' સાર્થક થશે અને તેને ફંફોળવા કચરાના ઢગ શોધ્યા નહી જડે ત્યારે સ્વચ્છતા અભિયાન સફળ લેખાશે.

# શહેરમાં વધુ એક સ્વાઈન ફલુનો કેસ

## શહેરના સે-3/એ/ ન્યુના ૬૫ વર્ષીય વૃધ્ધને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા : જિલ્લામાં કુલ 3 કેસ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરના સે-૩-એ ન્યુમાંથી આજે સ્વાઈન ફલુ પોઝીટીવનો એક દર્દી મળી આવતાં મહાનગરપાલિકાનું આરોગ્ય તંત્ર પણ હરકતમાં આવ્યું છે.

૬૫ વર્ષીય વૃધ્ધને આ રોગની સારવાર માટે ખાનગી દવાખાનામાં દાખલ કરવામાં આવેલ છે. છેલ્લા બે એક દિવસથી નાદુરસ્ત તબિયતને લઈ વૃધ્ધ ખાનગી હોસ્પિટલ સાથે સંપર્કમાં હતા જયાં તેમનામાં સ્વાઈન ફલુના લક્ષણો જણાતાં નમુના લઈ ચકાસણી માટે મોકલવામાં આવતાં સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયો હતો.

આ સિઝનમાં સ્વાઈન ફલુનો પ્રથમ પોઝીટીવ કેસ ગાંધીનગર શહેરમાંથી મળી આવ્યો છે. આજે મળેલ દર્દી સાથે જિલ્લામાં સ્વાઈન ફલુના કેસની સંખ્યા ૩ પર પહોંચી છે. જેમાં એક મહિલા દર્દીનું મૃત્યુ નોંધાયું છે.

આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ વૃધ્ધ દર્દીના પરિવાર સહિત આસપાસના વિસ્તારમાં સર્વેલન્સ કરવામાં આવ્યું છે પણ વધુ કોઈ કેસ જણાયા નથી.

ગાંધીનગર જિલ્લામાં જે ઝડપથી સ્વાઈન ફલુના કેસ વધી રહ્યા છે તેને લઈ તંત્ર દ્વારા જનજાગૃતિ અભિયાન શરુ કરવા અંગેની વિચારણા સક્રિય રીતે હાથ ધરવામાં આવી છે.

આજે મળી આવેલ દર્દીની સ્થિતિ સ્થિર હોવાનું તંત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# મનપા દ્વારા વધુ ૧૫ લાખની વસુલી કરાઈ

## જી.આઈ.ડી.સી. વિસ્તારમાં વેરા વસુલી સઘન આજે પણ ૩૦ લાખની વસુલી માટેની મુદત અપાઈ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મિલ્કતવેરા વસુલીનું અભિયાન આજે ચોથા દિવસે પણ આગળ ધપાવવામાં આવ્યું હતું અને ૧૫ લાખથી વધુની વસુલી કરવામાં આવી છે.

છેલ્લા ચાર દિવસના અભિયાનમાં મનપાએ રૂ. ૧.૫૦ કરોડની વસુલી કરવામાં સફળતા મેળવી છે. તંત્ર એ આજે સે-૨૬, ૨૮ અને સે-૨૭ના ઔદ્યોગિક અકમોમાં આ ઝુંબેશ ચલાવી હતી.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે નવ જેટલા એકમો પર વસુલી અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આજે દિવસ દરમિયાન ૧૫ લાખ જેટલી રોકડમાં વસુલી મળી હતી. મનપાના સૂત્રોએ જણાવ્યું છે કે કેટલાક એકમોએ એક-બે દિવસનો સમય માંગ્યો છે અને તે અંગે જરુરી લખાણો પર તેમના દ્વારા કરી આપવામાં આવતાં તેમની રજુઆતોને ગ્રાહ્ય રાખી મુદતમાં વધારો કરી આપવામાં આવ્યો છે.

મનપાના તંત્ર એ મિલ્કતોના સિલીંગ માટેનું હાથ ધરેલા અભિયાનને પગલે બાકીદારો દ્વારા હવે આ રકમો ભરવા માટેની તૈયારી બતાવવામાં આવી રહી છે. આગામી બે થી ત્રણ દિવસમાં રૂ. ૩ કરોડથી વધુની વસુલી કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

### ઠંડીમાં હુંફાળુ તાપણું

કડકડતી ઠંડીની રાતોમાં બળતુ તાપણું મા ના ખોળા જેવી હૂંફ આપે છે. તાજેતરમાં વાતાવરણમાં અચાનક ઠંડીનું પ્રમાણ વધી જતા નગરજનો આ તાપણાના સહારે હૂંફ મેળવવા પ્રયત્ન કરી રહ્યાં છે. આ તાપણે તાપતા તાપતા લોકો અલકમલકની વાતોમાં ખોવાઈ મોડી રાત સુધી ગોષ્ઠી કરવામાં મશગુલ થઈ જાય છે.

# ગાંધીનગર ઠંડુગાર

## ઠંડા પવનના સૂસવાટાના લીધે નગરજનો કોલ્ડવેવથી પ્રભાવિત ઠંડીનો પારો ૧૦.૮ ડિગ્રીએ : નગરજનો ઠંડીમાં ઠુંઠવાયા

ગાંધીનગર, તા. ૨૮

વાદળિયા વાતાવરણ બાદ સુસવાટા મારતા ઠંડા પવનના લીધે નગરજનો દિવસે પણ ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યા છે. આજે દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાન ૧૦.૮ ડીગ્રી નોંધાયુ હતુ. ઠંડીના પારાની વધ-ઘટ વચ્ચે વાતાવરણમાં ઠંડા પવનના લીધે કોલ્ડવેવની અસર વધુ વર્તાઈ રહી છે. ઠંડીની અસરના લીધે રાત્રીના સમયે નગરમાં સૂનકાર છવાયેલો જોવા મળે છે. વળતા શિયાળે કાતિલ ઠંડી ટોક ઓફ ધ ટાઉન બની છે.

શિયાળાની શીત લહેરો વિદાય લે તે પહેલા કહેર વર્તાતી હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. છેલ્લા કેટલાક સમયથી ઠંડીના પારાની વધ-ઘટ વચ્ચે મોસમનો મિજાજ બદલાતો જોવા મળી રહ્યો છે. ગત સપ્તાહ દરમિયાન છવાયેલા વાદળિયા વાતાવરણ બાદ ઠંડીના પ્રમાણમાં નોંધપાત્ર વધ-ઘટ અનુભવાય છે, જ્યારે સવારથી જ સૂસવાટા મારતા ઠંડા પવનની સાથે ઠંડીના પારાની ગિરાવટ વચ્ચે પણ નગરજનો અલબત્ત ઠંડી વેઠવાનો વારો આવ્યો હતો. આજે પણ દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૨૩.૫ ડીગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ પારો ૧૦.૮ ડીગ્રીએ રહ્યો હતો. સવારના સમયે ભેજનું પ્રમાણ વધુ ૭૨ ટકા રહેતા ધુમ્મસિયા વાતાવરણ વચ્ચે નગરજનો ઠંડીમાં ઠુંઠવાતા હતા. ઠંડીનું પ્રમાણ ઘટવા છતા સૂસવાટા મારતા પવનના લીધે નગરજનો કોલ્ડવેવની અસરથી પ્રભાવિત થયા છે. ઝુપડામાં રહેતા શ્રમજીવીઓની હાલત વધુ કફોડી બની છે. શહેરનુ જનજીવન પણ ઠંડીથી પ્રભાવિત થયું છે.








